Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# મહાત્મા ગાંધીનું શિક્ષણદર્શન

**ડો.અશોક જે.દેસાઇ**
આચાર્ય એસ.ટી.ટી.કોલેજ, વિસનગર.

**પ્રસ્તાવના**

ગાંધીજી અને શિક્ષણ એકબીજાના પર્યાય તરીકે છે. ગાંધીજી દ્વારા શિક્ષણ અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા તે વર્તમાન સમયમાં સાર્થક બને છે. ગાંધી શિક્ષણ ચિંતન અને વર્ધા યોજના એકમના પર્યાયો નથી. ચેતના પ્રદેશમાં ક્રાંતિ ના બીજનું વાવેતર કરવાનું છે. આર્થિક , સામાજિક કે માનસિક પરાવલંબનમાંથી ' આત્મનિર્ભર' બનવાનું છે. અક્ષરજ્ઞાન કરતા સંસ્કારની કેળવણીને હું ઘણું મહત્વ આપું છુ . શિક્ષણ ફક્ત અક્ષરજ્ઞાન નથી પરંતુ ચારિત્ર્યની ખીલવણી છે. ગાંધીજી શિક્ષણને સર્વાંગી વિકાસ માં માનતા હતા.

**કેળવણી કોને કહેવાય**

જે અંગ્રેજી શબ્દનો અર્થ કેળવણી કરવામાં આવે છે. તેનો મૂળ અર્થ બહાર ખેચી લાવવું છે.

આપણામાં જે શક્તિઓ છુપી પડેલી હોય તેને પ્રયત્નપૂર્વક બહાર લાવવી એ જ ભાવ કેળવણી શબ્દનો છે. અમુક વસ્તુ આપણે કેળવીએ એનો અર્થ, તેની જાત અથવા તો તેનો ગુણ બદલીએ એમ નથી. પણ તેમાં જે છુપાઈ રહેલા ગુણો હોય અને આપણે પ્રગટ કરીએ તેથી કેળવણીના અર્થની ખીલવણી પણ કરી શકાય. આ અર્થ વિચારતાં અક્ષરજ્ઞાન એ કેળવણીમાં ગણી શકાય.. પછી ભલે એ જ્ઞાન આપણને એમ.એ. બનાવે કે કોઈ સંસ્કૃતનું આપણને જ્ઞાન મળ્યું હોય. ઊંચાંમાં ઊંચું અક્ષરજ્ઞાન પણ કેળવણી અથવા ખીલવણીમાં ભલે એક સરસ સાધન હોય પણ એ પોતે કેળવણી તો નથી જ. કેળવણી એ કઈક નોખી વસ્તુ છે. મનુષ્ય શરીર, મન અને આત્માએ ત્રણેનું બનેલું પ્રાણી છે. એમાં આત્મા એ મનુષ્યમાં સ્થાયી ભાગ છે, એને અર્થે શરીરનો અને મનનો વ્યાપાર શોભે. તેથી જે વડે આત્માની શક્તિઓ પ્રગટ થાય તેવી વસ્તુનું નામ કેળવણી કહી શકાય.

જ્ઞાનમીમાંસા

* ગાડીના પ્રથમ વર્ગમાંથી બહાર કાઢી મુકતા હું જે રીતે અપમાનિત થાઉં છુ,તે રીતે ભારતના અસખ્ય લોકો અપમાનિત નહિ થતા હોય ?
* સત્ય એ જ ઈશ્વર છે.
* અંતરાત્માનો અવાજ સાંભળવો જોઇએ.
* મારો એક જ ધર્મ છે – ઈશ્વરની અને માનવજાત સેવા.

તત્વમીમાંસા

* જ્ઞાન નીતિ નીરપેક્ષ છે. જ્ઞાનને ઓપરેશન માટેની છરી, અણુશક્તિ ટ્રેકટરની સાથે સરખાવી
શકાય.
* જ્ઞાની પંડિતો કરતાં મારો અભણ ખેડૂત સારો, કારણકે તેની પાસે કહેવાતું નથી: તો જ્ઞાનનો
દુરુપયોગ અનેતિક પણ નથી.
* બ્રહ્મચારીનો અર્થ ઈશ્વરને શોધનાર.

મૂલ્યમીમાંસા

* બાળકની આધાત્મિક, બોદ્ધીક અને શારીરિક શક્તિઓને બહાર લાવે અને ખીલવે.
* માનવમાત્ર અને જીવનમાત્રની એકતા વિશેની ઊંડી શ્રધ્ધા છે.
* અહીંસા એટલે વિશાળ પ્રેમ.
* ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

કેળવણી ના સિદ્ધાંતો

**(૧) અક્ષરજ્ઞાન એ કેળવણી નથી.**

- Three ' R' s ના શિક્ષણથી માણસ બનતો નથી.
- વર્ગખંડમાં ચાર દીવાલો વચ્ચે આપતું શિક્ષણ કેવળ માનસિક બોજો છે.

- આવી કેળવણી તેના સુખમાં શો વધારો કરશે.

**(૨) કેળવણી ઉત્પાદક શ્રમ માટે અને ઉત્પાદક શ્રમની જ હોઈ શકે.**

* શિક્ષણ જ એક એવું માધ્યમ છે, જેના દ્વારા બુધ્ધીનિષ્ઠા અને શ્રમનિષ્ઠાની સાથે સમતુલા જન્માવી શકાય.
* આવી કેળવણી તેમને માટે બેકારીની સામે એક જાતની વીમા જેવી થઇ પડે.
* આવી કેળવણી સાથે-સાથે બેકારીના મૂળ પર ઘા કરે છે.
* સ્વમાનવાળો નાગરિક બનાવવાનો છે.

**(૩) કેળવણીનો ધર્મ સ્વાશ્રય હોઈ, તે સાર્વત્રિક હોવી જરૂરી છે,**

* સર્વ પ્રકારના દાસત્વમાંથી છુટકારો.
* સાર્વત્રિક શિક્ષણ બધા માટે હોવું જોઈએ.
* કેળવણીનો ખર્ચ કેળવણીમાંથી જ નીકળવાનો જોઈએ.
* નિરક્ષરતા લોકશાહીની વિભાવનાને ધક્કો પહોચાડનાર એક તત્વ છે.

**(૪) કેળવણીમાં માતૃભાષા જ બોધભાષા હોઈ શકે**

* શોધશક્તિ, વિચારશક્તિ , સાહસ, ધૈર્ય, વીરતા, નિર્ભયતા વગેરે ગુણો ક્ષીણ થઇ જતાં એટકે છે.
* કલાભીરુચી તથા સોદર્ય પારખવાની શક્તિ પ્રગટ થવા માટે માતૃભાષા શ્રેષ્ટ માધ્યમ છે.
* માતાના ધાવણની સાથે સંસ્કાર મળે છે, શબ્દો મળે છે.
* જે એંગ્રેજી શીખી શકે તેમ છે , તે જરૂર શીખે.

**(૫) મનુષ્યનું નિર્માણ કેળવણીનો પરિપાક છે.**

* જ્યાં સામાજિક જીવન સ્વયં પોતાનું નિયમન કરે એવી પૂર્ણતાએ પહોચ્યું હોય.
* ર્હદ્‌યના ઉત્તમ અંશોનું કેળવણી.
* પ્રેમાળ ર્હદ્‌યને વધારે મુલ્યવાન ગણે છે.
* અંગત શુધ્દિ વિનાનું ચારિત્ર શાનું ? ચારિત્ર વિનાની કેળવણી શાની ?

**ઉપસહાર**

ગાંધીજીના સિધ્દ્દાંતો, જીવન જીવવાની કળા તેમજ શિક્ષણ વિચારો આજના વર્તમાન એક નવી દિશા ચીધે છે. કેળવણીને વિશાળ ફલક ઉપર કેવી રીતે વિકસાવી શકાય અને સ્પષ્ટ સમજ ગાંધીજીના શિક્ષણ વિચારો માં થી મળી રહે છે. ગાંધીજીના વિચારો અપનાવીએ.

**સદર્ભસૂચી**

પંડ્યા જે.એન. અને પંચોલી જે.એચ.(૨૦૦૩) વિકાસમાન ભારતીય સમાજ માં શિક્ષક, વરિષણ પ્રકાશન , અમદાવાદ.
ગાંધીકથામાં રજુ થયેલાં વિચારોનો સારાંશ.
સત્યના પ્રયોગો , નવજીવન પ્રેસ, અમદાવાદ.